॥ वृत्तालये स भगवान् जयतीह साक्षात् ॥

☎ (S.T.D. - 0268) 2589728, 2589776.

The Trust of the Temple of Shree Laxminarayan Dev at Vadtal and its Subordinate Temples.

P. T. R. No. A 1417 (Kheda)

# SHRI SWAMINARAYAN MANDIR VADTAL SANSTHAN

Ta. Nadiad, Dist. Kheda, 387 375 (Gujarat) INDIA.

E-mail : vadtaldhamvikas@gmail.com ✲ Website : www.vadtalmandir.org

F. No. : ૪૨૯૦/૨૦૧૮ Date : ૨૧-૦૬-૨૦૨૨

| સિન્ડિકેટ- 93 | -MOU |
|---|---|
| બિડાણ- ૮ | તારીખ- 30/7/22 |

પ્રતિશ્રી,

માન.વાઈસ ચાન્સેલરશ્રી,

સરદાર પટેલ યુનિર્વસીર્ટી,

વલ્લભવિદ્યાનગર.

વિષય :- શ્રી સ્વામિનારાયણ રિસર્ચ સેન્ટર વડતાલ, સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગર સાથે મળી ધાર્મિક – સાહિત્યિક – શૈક્ષણિક – સંશોધન અને પ્રકાશન સંદર્ભે સંયુક્ત રીતે વિવિધ પ્રકલ્પ કરવા માર્ગદર્શન તેમજ સહયોગ અર્થે વિનંતી સહ દરખાસ્ત.

માનનીય સાહેબશ્રી,

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ, ભગવાન શ્રી સ્વામિનારાયણનાં સમયથી, ખુબ જ મોટા પ્રમાણમાં સંસ્કૃત, ગુજરાતી, હિન્દી અને અન્ય કેટલીક ભાષાઓમાં સાહિત્યિક વારસો ધરાવે છે. આ વારસો મહદઅંશે અપ્રકાશિત તેમજ અસંશોધીત રહેલ છે. ભગવાન શ્રી સ્વામિનારાયણ અને તેમના દીક્ષીત નંદ સંતો દ્વારા રચાયેલ આ સાહિત્યિક વારસો તેના અસલ સ્વરૂપમાં પ્રકાશિત થાય, તેના વિવિધ ભાષામાં અનુવાદ થાય અને તેનું સાહિ સાહિત્યિક ક સંશોધન તેમજ મૂલ્યાંકન થાય તેવી અપેક્ષા વર્તમાનમાં શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ રાખે છે. આ ક્ષેત્રે અમે થોડાક કાર્યો કર્યા છે પરંતુ તે અંગે અમને યુનિ. કક્ષાનું માર્ગદર્શન પ્રાપ્ત થાય અને તે સંદર્ભે કામ થાય એ અપેક્ષાથી આ સહયોગ મેળવવા અમે આપને સાદર દરખાસ્ત કરીએ છીએ.



અ-૧૪૧૭ ખેડા

☎ (S.T.D. - 0268) 2589728, 2589776.

The Trust of the Temple of Shree Laxminarayan Dev at Vadtal and its Subordinate Temples.
P. T. R. No. A 1417 (Kheda)
SHRI SWAMINARAYAN MANDIR VADTAL SANSTHAN
Ta. Nadiad, Dist. Kheda, 387 375 (Gujarat) INDIA.
E-mail : vadtaldhamvikas@gmail.com ❖ Website : www.vadtalmandir.org

F. No. : .........  Date : .....................

આપ જાણો છો તેમ, ભગવાન શ્રી સ્વામિનારાયણે આજથી આશરે ૨૦૦ વર્ષ પહેલા વડતાલ ખાતે શ્રી લક્ષ્મીનારાયણ દેવનું ભવ્યાતિભવ્ય મંદિર બનાવેલ છે. તેનું સાંપ્રદાયીક અને સાહિત્યિક સંવર્ધન સ્વામિનારાયણ સંપ્રદાયનાં મહાન સદ્ગુરૂ શ્રી ગોપાળાનંદ સ્વામી દ્વારા વર્ષો સુધી થયેલ જેના પરિણામે એક ભવ્ય સાહિત્યિક વારસો આજે હસ્તપ્રત રૂપે વડતાલ મંદિર ખાતે હયાત છે. તેમજ વડતાલનાં અનેકવિધ વિદ્વાન સંતો પાસે સાહિત્યિક હસ્તપ્રતો આજે ઉપલબ્ધ છે. આ તમામની જાળવણી તેમજ અધ્યયન કરવા શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ઉત્સુક છે અને આપનુ માર્ગદર્શન ઈચ્છે છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ હાલ શ્રી લક્ષ્મીનારાયણ દેવ સંસ્કૃત મહાવિદ્યાલય ચલાવે છે જેમાં શાસ્ત્રી સુધીની માન્યતા શ્રી સંસ્કૃત યુનિ. સોમનાથ દ્વારા પ્રાપ્ત થયેલ છે. અને આ વર્ષથી આચાર્યશ્રીની પદવી માટે પણ માન્યતા મેળવાય રહી છે.

હાલ શ્રી સ્વામિનારાયણ રિસર્ચ સેન્ટરની પ્રવૃતિ વડતાલ મંદિર દ્વારા વચનામૃત દ્વિશતાબ્દી નિમિત્તે ઈ.સ.૨૦૧૯ માં એક રાષ્ટ્રીય કક્ષાનો વચનામૃત અંગેનો સેમિનાર કરી શરૂ કરેલ. ત્યારબાદ કોરોના કાળને લીધે ૨ વર્ષ પ્રવૃતિ મંદ પડી પરંતુ મે-૨૦૨૧ અને ૨૦૨૨ દરમ્યાન વચનામૃત દર્શન અંગે પણ સંસ્કૃતનાં વિદ્વાન પંડીતોના સાનિધ્યમાં એક સેમિનારનું આયોજન થયેલ હતું. જેમાં અમારા સબનશીબે સરદાર પટેલ યુનિ. વલ્લભવિદ્યાનગરનાં માન.કુલપતિશ્રી ઉપસ્થિત રહેલા. આવી અન્ય પ્રવૃતિઓ આગામી દિવસોમાં પણ થનાર છે. એના આયોજન અંગે આપ જેવી સંસ્થાનું માર્ગદર્શન ખુબ જ જરૂરી છે.

(S.T.D. - 0268) 2589728, 2589776.

The Trust of the Temple of Shree Laxminarayan Dev at Vadtal and its Subordinate Temples.
P. T. R. No. A 1417 (Kheda)
SHRI SWAMINARAYAN MANDIR VADTAL SANSTHAN
Ta. Nadiad, Dist. Kheda, 387 375 (Gujarat) INDIA.
E-mail : vadtaldhamvikas@gmail.com ❖ Website : www.vadtalmandir.org

F. No. : ......... Date : ....................

હાલ શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલખાતે શ્રી સ્વામિનારાયણ રિસર્ચ સેન્ટરનાં પ્રથમ પગલા રૂપે વડતાલ મંદિર સંકુલમાં શ્રી સ્વામિનારાયણ પુસ્તકાલયની શરૂઆત કરેલ છે. ૪૦૦૦ સ્કે.ફૂટમાં સંપૂર્ણ વાતાનુકુલીત પુસ્તકાલયમાં હાલ સ્વામિનારાયણ સંપ્રદાયનાં ૩૦૦૦ થી વધુ પુસ્તકો સંગ્રહવામાં આવ્યાં છે. અને એ પ્રવૃતિમાં સૌ સંતો સક્રિય રીતે ભાગ લઈ રહ્યા છે. આ માટે એક નિવૃત્ત ગ્રંથપાલ શ્રીની નિમણુંક કરેલ છે.

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલનાં મુખ્ય કોઠારીશ્રી ડૉ. સંતવલ્લભદાસજી સ્વામી સંસ્કૃતમાં એમ.એ.પી.એચ.ડી. છે અને તેમને શ્રી સંસ્કૃત યુનિ. સોમનાથ દ્વારા માનદ ડીલીટની પદવી પણ એનાયત થઈ છે. તેઓશ્રી આ સંશોધન કેન્દ્રને કાર્યાન્વિત કરવા ખૂબ સક્રિય છે.

અમને જણાવતાં એ પણ આનંદ થાય છે કે, શ્રી સ્વામિનારાયણ રિસર્ચ સેન્ટરનાં માનદ નિયામકપદે જાણીતા શિક્ષણવીદ, સાહિત્યકાર અને બે સેન્ટ્રલ યુનિ. ચાન્સેલર ડૉ.બળવંતભાઈ જાની માનદ સેવા આપી રહ્યા છે. તેમના સહયોગમાં સંપ્રદાયના સાહિત્યના અભ્યાસી શ્રી હરેન્દ્રભાઈ ભટ્ટ પણ સક્રિય કામગીરી કરે છે. આ સંસ્થાના સી.ઈ.ઓ. તરીકે શ્રી નિકીતભાઈ પટેલ સેવાઓ આપે છે.

માન.સાહેબશ્રી આપની સંસ્થા સાથે સહયોગ તેમજ માર્ગદર્શન અર્થે આ એક પ્રાથમિક દરખાસ્ત મુકીયે છીએ. વિધીસરની કામગીરી આપના માર્ગદર્શન મુજબ અમે કરીશું અને એ માટે શ્રી હરેન્દ્રભાઈ ભટ્ટ અને શ્રી નિકીતભાઈ પટેલ આપને મળશે.

(S.T.D. - 0268) 2589728,
2589776.

The Trust of the Temple of Shree Laxminarayan Dev at Vadtal and its Subordinate Temples.
P. T. R. No. A 1417 (Kheda)
SHRI SWAMINARAYAN MANDIR VADTAL SANSTHAN
Ta. Nadiad, Dist. Kheda, 387 375 (Gujarat) INDIA.
E-mail : vadtaldhamvikas@gmail.com ❖ Website : www.vadtalmandir.org

F. No. : .........

Date : ....................

માન. સાહેબશ્રી, વડતાલ જે સાહિતીક વારસો ધરાવે છે તે અર્થે અમે જે રીસર્ચ સેન્ટર કરવા માંગીએ છીએ તેમાં આપની સંસ્થા ગણી અમને સ્વીકારશો અને યોગ્ય માર્ગદર્શન પાઠવશો.

સાદર જય સ્વામિનારાયણ સહ

મુખ્યકોઠારીશ્રી
ડૉ. સંતવલ્લભદાસજી સ્વામી

આસી. મુખ્ય કોઠારી
સ્વામિનારાયણ મંદિર
વડતાલ.

I/C Registrar
Sardar Patel University
Vallabh Vidyanagar